# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૭/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# વેપારીઓ યોજનાનો વધુમાં વધુ લાભ લઇ શકે તે માટે સુરતમાં સક્ષમ નોડલ ઓફિસરની નિમણૂંક કરવામાં આવશે : શ્રી જે.પી. ગુપ્તા

## ચેમ્બરમાં 'વેરા સમાધાન યોજના' વિષય ઉપર જનજાગૃતિ સત્ર યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવારે, તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'વેરા સમાધાન યોજના' વિષય પર જનજાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતાશ્રીઓ તરીકે ગુજરાત રાજયના મુખ્ય રાજયવેરા કમિશનર શ્રી જે.પી. ગુપ્તા તથા રાજયવેરા વિભાગ સુરતના જોઇન્ટ કમિશનર શ્રી અતુલ મહેતા અને શ્રી આર.જી. હદવાણી ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ આ સત્રમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, જીએસટીનો કાયદો અમલમાં આવ્યો તે પહેલાના સેલ્સ ટેક્ષ, વેટ, એન્ટ્રી ટેક્ષ અને સીફોર્મની ઘણી મેટર પેન્ડીગ છે અને તેના નિકાલ માટે સરકાર આ સ્કીમને લઇને આવી છે. વિભાગ દ્વારા પેન્ડીગ મેટરોને સારી રીતે હેન્ડલ કરીને ઇન્ડસ્ટ્રી માટે સારી સુવિધા પ્રોવાઇડ કરવામાં આવશે તો ઇન્ડસ્ટ્રી પણ જૂના કેસોમાંથી બહાર નીકળીને નવી દિશામાં ફોકસ કરી શકશે. કરવેરા સમાધાન યોજના માટે રેન્જ અનુસાર સક્ષમ નોડલ અધિકારીની નિમણૂંક કરી આખુ માળખુ સુરતમાં ઉભુ કરવામાં આવે વિગેરે કેટલાક મહત્વના સૂચનો તેમના દ્વારા વિભાગને કરવામાં આવ્યા હતા.

મુખ્ય રાજયવેરા કમિશનર શ્રી જે.પી. ગુપ્તાએ ટેક્ષ કલેકટર અને ટેક્ષ પેયરને એકજ પ્લેટફોર્મ લાવવા માટે ચેમ્બરનો આભાર વ્યકત કર્યો હતો અને જણાવ્યુ હતુ કે, સારા વેપારીને પ્રોટેકશન આપવાની ફરજ

એડમિનિસ્ટ્રેશનની છે. જેન્યુન ટેક્ષ પેયર પોતાનો બિઝનેસ સારી રીતે કરવા માંગે છે અને તેઓના બિઝનેસની પ્રક્રિયામાં કોઇ અડચણ ઉભી નહી થાય તેના માટે વિભાગ પોતાની ફરજ અદા કરશે. ટેક્ષની પ્રક્રિયામાં મિસ એન્ટરપ્રિટેશન, મિસ કમ્યુનિકેશન અને મિસ એન્વાયરમેન્ટને કારણે પ્રશ્નો ઉભા થાય છે. જેમાં રજિસ્ટ્રેશન, અસિસમેન્ટ સંબંધિત એક યા બીજા પ્રશ્નો ઉભા થાય છે. આ પ્રશ્નો ઓછામાં ઓછા થાય તેના માટે અમે પ્રયાસ કરીશુ.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ટૂંક સમયમાં જીએસટીનું મોટુ કામ અસિસમેન્ટ શરૂ થવાનુ છે. આખુ ચક્ર શરૂ થશે તે પહેલા વેટના ડિસ્પ્યુટ અને લીટીગેશનનો ઝડપથી નિકાલ કરીને આગળ વધવા માટે રાજય સરકારે કરવેરા સમાધાન યોજનાની જાહેરાત કરી છે. હજી પણ વેપારીઓની ઘણી બધી માંગણીઓ છે તેને પણ સરકાર સુધી પહોંચાડવાનું આશ્વાસન તેમણે આપ્યુ હતુ.

શ્રી ગુપ્તાએ ચેમ્બરના પ્લેટફોર્મ પરથી એવી જાહેરાત કરી હતી કે, કરવેરા સમાધાન યોજના માટે સુરતમાં સક્ષમ નોડલ અધિકારીની નિમણૂંક કરીશુ અને તેના તાબા હેઠળ યોગ્ય ટીમ બનાવી તેને મદદરૂપ માળખું ઉભું કરીશુ. જેથી કરીને યોજનાની સંપૂર્ણ માહિતી વેપારીઓ સુધી પહોંચી શકે અને તેઓ વધુમાં વધુ આ યોજનાનો લાભ લઇ શકે. તેમણે અન્ય મુદ્દાઓ વિશે પણ વિભાગ દ્વારા આગામી એકાદ અઠવાડિયામાં સ્પષ્ટીકરણ કરવામાં આવશે તેમ જણાવ્યુ હતુ.

આ સત્રમાં વેપારીઓ દ્વારા ટેક્ષ ક્રેડીટ, સીફોર્મ, રેકટીફિકેશન અરજી, ઓડીટના કેસો, જી.આર. સેલની ફાઇલોનો નિકાલ કરવામાં આવે, ઓફલાઇન અરજી પણ સ્વીકારવામાં આવે, પેનલ્ટી માટેની પેન્ડીંગ અપીલોનો ઝડપથી નિકાલ કરવામાં આવે અને એન્ટ્રીટેક્ષ વિગેરે વિવિધ મુદ્દે અધિકારીઓ સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી.

ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના હેડ એડવોકેટ શ્રી હેમંત દેસાઇએ આખા સત્રમાં પ્રાસંગિક વિધી કરી હતી. શ્રી જે.પી. ગુપ્તાએ વેપારીઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા. અંતે ચેમ્બરની જીએસટી કમિટીના એડવાઇઝર સીએ કિશોરચંદ્ર ઘીવાલાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સત્રનુ સમાપન થયુ હતુ..